DISTRICT PANCHAYAT
HEALTH BRANCH
RACE COURSE , RAJKOT
Phone no : 0281 2443235

જિલ્લા પંચાયત કચેરી
આરોગ્ય શાખા
રેષકોર્ષ, રાજકોટ
ફોન નં :૦૨૮૧-૨૪૪૩૨૩૫

નં. આરોગ્ય/મહે-4/વશી/ તા. / /2014

# તા.13/02/2014 જાહેર આરોગ્ય સમિતિની બેઠકની કાર્યવાહી નોંધ

જિલ્લા પંચાયત આરોગ્ય શાખાનાં પત્ર નં.આરોગ્ય/આરોસી/વશી/152 તા.30/01/14 અનુસાર જાહેર આરોગ્ય સમિતિની બેઠક તા.13/02/14 નાં રોજ 12.00 કલાકે બોલાવવામાં આવતાં નીચે મુજબનાં સભ્યશ્રી / અધિકારીશ્રી / કર્મચારી ગણ હાજર રહેલ.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો |
|---|---|---|
| 1 | શ્રી જનકભાઇ રવજીભાઇ ડોબરીયા | અધ્યક્ષશ્રી |
| 2 | શ્રી સવજીભાઇ મોહનભાઇ અધારા | સભ્યશ્રી |
| 3 | શ્રી ભીખાભાઇ નાથાભાઇ રોકડ | સભ્યશ્રી |
| 4 | શ્રી જયાબેન કરશનભાઇ ગરચર | સભ્યશ્રી |

| ક્રમ | અધિકારીશ્રી / કર્મચારીગણ | હોદ્દો |
|---|---|---|
| 1 | શ્રી ડૉ.વી.એચ.પાઠક | મુખ્ય જિ.આરો.અધિ.શ્રી |
| 2 | શ્રી ડૉ.જે.કે.ગનેરીવાલ | અધિક જિ.આરો.અધિ.શ્રી |
| 3 | શ્રી એમ.એમ.ઝાલા | ડિ.આઇ.ઇ.સી.ઓશ્રી |
| 4 | શ્રી ડૉ.એન.એમ.રાઠોડ | ઇ.એમ.ઓશ્રી |
| 5 | શ્રી ડૉ.એમ.એન.ભંડેરી | કયુ.એ.એમ.ઓ.શ્રી |
| 6 | શ્રી ડી.પી.ગોંડલીયા | વહીવટી અધિકારીશ્રી (આરોગ્ય) |
| 7 | શ્રીમતી સી.એમ.પરમાર | વહીઅટી અધિકારીશ્રી (કુ.ક) |
| 8 | શ્રીમતી એમ.બી.જોષી | ઇ.ચા.ડિ.એમ.ઓશ્રી |
| 9 | શ્રી સમીર દાવડા | ના.કા.ઇશ્રી પી.આઇ.યુ રાજકોટ |
| 10 | શ્રીમતી જે.એલ.પવાર | જિલ્લા આર્યુવેદ અધિકારીશ્રી |
| 11 | ડૉ.પી.કે.સિંહ | ટીએચઓ વાંકાનેર અને ઇ.ચા રાજકોટ |
| 12 | ડૉ.એસ.એસ.શ્રીવાસ્તવ | ટીએચઓ જસદણ |
| 13 | ડૉ.એમ.એસ.અલી | ટીએચઓ જેતપુર |
| 14 | ડૉ.ડી.વી.બાવરવા | ઇ.ચા ટીએચઓ મોરબી |
| 15 | ડૉ.એચ.જી.જાવીયા | ટીએચઓ ધોરાજી |
| 16 | શ્રી એચ.આઇ.પ્રજાપતિ | જુ.કલાર્ક |
| 17 | શ્રી જે.બી.જોબનપુત્રા | શાળા આરોગ્ય મદદનીશ |
| | હોસ્પિટલનાં પ્રતિનિધિશ્રીઓ | |
| 1 | શ્રી વિપુલ પી ઢેબર | હેડ(ધકાણ હોસ્પિટલ) |
| 2 | ડૉ.મેહુલ કાલાવાડીયા | આસી.મેનેજર (વોકહાર્ટ હોસ્પિટલ) |
| 3 | ડૉ.વિ.કે.ગુપ્તા | મેડીકલ ડાયરેકટર (નાથાલાલ પારેખ કેન્સર હો) |
| 4 | શ્રી આર.જી.વૈષ્ણવ | એ.ઓ (નાથાલાલ પારેખ કેન્સર હો) |
| 5 | ડૉ.જે.આર.દહિયા | મેડીકલ સુપ્રી.(બીટીસવાણી કિડની હોસ્પિ) |
| 6 | ડૉ.રશ્મિન | ઇએસપી મેનેજર (બીટીસવાણી કિડની હોસ્પિ) |

સભ્ય સચિવ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી દ્વારા મિટીંગમાં ઉપસ્થિત રહેલ આરોગ્ય સમિતિનાં ચેરમેનશ્રી, સભ્યશ્રીઓ તેમજ અધિકારીશ્રીઓને આવકારવામાં આવ્યા બાદ એજન્ડા મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

DISTRICT PANCHAYAT
HEALTH BRANCH
RACE COURSE , RAJKOT
Phone no : 0281 2443235

જિલ્લા પંચાયત કચેરી
આરોગ્ય શાખા
રેષકોર્ષ, રાજકોટ
ફોન નં :૦૨૮૧-૨૪૪૩૨૩૫

નં. આરોગ્ય/મહે-4/વશી/ તા. / /2014

મુદ્દા – નં (1) – ગત.તા.07/10/2013 નાં રોજ યોજવામાં આવેલ જાહેર આરોગ્ય સમિતિની કાર્યવાહી નોંધ ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

મુદ્દા – નં (2) – ગત તા.07/10/13 થી તા.12/02/14 સુધીમાં મંજુર કરવામાં આવેલ સહાયની વિગત નીચે મુજબ છે જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ.

| ક્રમ | રોગનું નામ | દર્દીની સંખ્યા | સહાયની રકમ |
|---|---|---|---|
| 1 | કીડની | 44 | 433000 |
| 2 | હર્દય રોગ | 28 | 700000 |
| 3 | કેન્સર | 57 | 801400 |
| 4 | થેલેસેમીયા | 0 | 0 |

મુદ્દા-નં (3) સને 2013 -14 નાં વર્ષમાં સ્વભંડોળમાંથી આરોગ્ય ક્ષેત્રે અપાયેલ સહાય પૈકી થેલેસીમીયાનાં રોગ માટેની
રૂ.500000/- ની જોગવાઇ સામે કોઇ ખર્ચ થયેલ ન હોય તેની રકમમાંથી હર્દયરોગમાં રૂ.200000/- કેન્સર રોગ માટે રૂ.200000/- કિડની રોગ માટે રૂ.100000/- તબદીલ કરવા અંગેનાં તા.11/02/2014 નાં રોજની કારોબારી સમિતિમાં કરવામાં આવેલ ઠરાવ ની જાણ સમિતિને કરવામાં આવેલ અને તે મુજબ સહાય માટેની અરજીઓ મંજુર કરવા નિર્ણય કરવામાં આવેલ

મુદ્દા-નં (4) હર્દયરોગની સારવાર માટે ઓલમ્પસ હોસ્પિટલ રાજકોટ તેમજ ગોકુલ હોસ્પિટલ રાજકોટ ને માન્યતા આપવા માટે મળેલ રજુઆત અંગે ચર્ચા કરવામાં આવેલ તેમજ ચર્ચા નાં અંતે આ હોસ્પિટલો કયારથી કાર્યાવિત થયેલ છે અને ઉકત હોસ્પિટલ માં પૂરતી મશીનરી અને યોગ્ય વ્યવસ્થા છે કે કેમ તેમજ કેટલા તજજ્ઞો સેવાઓ આપે છે તથા છેલ્લા ત્રણ વર્ષમાં અથવા તો હોસ્પિટલ શરૂ થયા ત્યારથી હર્દયરોગનાં કેટલા દર્દીઓએ સારવાર મેળવેલ છે. અને ઉકત હોસ્પિટલ સરકારીશ્રીની આરોગ્ય વિષયક કોઇ યોજના કે કાર્યક્રમ સાથે જોડાયેલ છે કે કેમ તેની તમામ વિગતો હોસ્પિટલ પાસેથી તેની ચકાસણી કરીને નિર્ણય કરવા સર્વાનુમતે નક્કિ કરવામાં આવેલ.

મુદ્દા-નં (5) કેન્સર નાં રોગ માટે આપવામાં આવતી સહાય રૂ.15000/- થી વધારી 25000/- કરવા કેન્સર હોસ્પિટલ દ્રારા કરવામાં આવેલ રજુઆત અન્વયે આગામી સામાન્ય સભામાં આ મુદ્દો ચર્ચા કરવા માટે રજુ કરવો તેવો સમિતિ દ્રારા નિર્ણય કરવામાં આવેલ.

મુદ્દા-નં (6) હર્દયરોગની સારવાર માટેની સહાય અંગે અરજદારની આવકમર્યાદા હાલ રૂ.50000/- છે તે યથાવત રાખવામાં આવેલ અને કેન્સર રોગ અને કિડની રોગ માટેની સહાય માટે અરજદારની આવક મર્યાદા રૂ.250000/- થી વધારીને રૂ.50000/- રાખવાનું સમિતિમાં નક્કિ કરી તે આવકમર્યાદા ધ્યાને લઇ સહાયની અરજીઓ મંજુર કરવા નિર્ણય કરવામાં આવેલ. તેમજ કેન્સર – કિડનીનાં રોગ માટે આવકનાં દાખલામાં હાલ સરપંચશ્રીની એકની સહિવાળા દાખલા માન્ય રાખવામાં આવે છે તેનાં બદલે હવેથી આ આવકનાં દાખલા તલાટી કમ મંત્રી અને સરપંચશ્રી બન્નેની સહિ વાળો રજુ કરવા અરજદારોને જણાવવું અને તેવા દાખલા માન્ય રાખવા સમિતિમાં નિર્ણય કરવામાં આવેલ. સહાય માટે માન્યતા પ્રાપ્ત હોસ્પિટલનાં મિટીંગમાં ઉપસ્થિત રહેલ પ્રતિનિધીઓ સાથે ચર્ચા કરવામાં આવેલ અને દર્દીઓને સમયસર સારવાર મળે તથા આ સમગ્ર કાર્યવાહીમાં વહીવટી કે નાણાંકીય નિયમો ની જોગવાઇઓનું ઉલ્લંઘન ન થાય તે હેતુથી દરેક હોસ્પિટલનાં પ્રતિનિધીઓને નીચે મુજબની સુચનાઓ સમિતિ તરફથી આપવામાં આવેલ અને તેમની અમલવારી તાત્કાલીક અસરથી કરવા જણાવેલ.

- સહાય મંજુર કરવા માટે હોસ્પિટલ તરફથી દર્દીઓને આપવામાં આવતાં એસ્ટીમેન્ટ / ભલામણ પત્રમાં દર્દીનું પૂરૂનામ ઉંમર સરનામું તથા દર્દી કયા રોગથી પીડાય છે અને કઇ સારવાર આપવાની થાય છે તેની વિગતો સાથે સંભંવિત ખર્ચની રકમ આંકડામાં અને શબ્દોમાં દર્શાવવી અને આ એસ્ટીમેન્ટ જે તે હોસ્પિટલનાં રાઉન્ડ સિલ સાથે હોસ્પિટલ તરફથી અધિકૃત કરવામાં આવેલ ડોકટરનાં નામ અને હોદ્દા સાથેની સહિ થી જ આપવું. આ સિવાયનાં એસ્ટીમેન્ટ માન્ય રાખવામાં આવશે નહિં દર્દીઓને એસ્ટીમેન્ટ આ મુજબનુ જ આપવું અને એસ્ટીમેન્ટનાં કારણે

નં. આરોગ્ય/મહે-4/વશી/ તા. / /2014

દર્દીઓને કોઇ મુશ્કેલી ન પડે તેની ખાસ તકેદારી રાખવી.

- દર્દીઓને એકજ વખત સહાય આપવાની થતી હોય ડુપ્લીકેશન ન થાય તેની હોસ્પિટલ કક્ષાએથી પણ કાળજી રાખવી અને જો ડુપ્લીકેશન જણાય તો અત્રે જાણ કરવી.

- કેન્સર હોસ્પિટલ તરફથી રજુ કરવામાં આવતાં બિલો માં એકજ દર્દીનાં એકથી વધારે ઘણાં બિલો રજુ થાય છે અને તેમાં પણ અમુક બિલો સહાય મંજુર કર્યા પછી લાંબા સમયબાદ રજુ કરવામાં આવે છે. જેનાં કારણે બિલો મંજુર કરવામાં મુશ્કેલી પડે છે હવેથી દર્દી દીઠ શક્ય હોય તો એક બિલ રજુ કરવા અને મંજુર કર્યાનાં વર્ષમાંજ બિલો મોકલી આપવા કેન્સર હોસ્પિટલનાં હાજર રહેલ મેડીકલ ડાયરેકટર ડૉ.વિ.કે.ગુપ્તા ને જણાવવામાં આવેલ તેઓ તરફથી આ બાબતે રજુઆત કરેલ કે કેન્સર રોગની સારવાર લાંબા સમય સુધી ચાલતી હોવાનાં કારણે આમ બને છે. તેમ છતાં હવેથી આ બાબતે વિચારણા કરી યોગ્ય કાર્યવાહી કરી આ બાબતે હવે પછી રૂબરૂ ચર્ચા કરી યોગ્ય ઉકેલ લાવવામાં આવશે તેમ જણાવેલ.

- હ્રદયરોગ – કેન્સર રોગ – કિડની રોગ માટે આવતાં દર્દીઓ પૈકી અમુક દર્દીઓ હુકમ મળ્યાબાદ દાખલ થતાં ન હોય તેવી વિગતો ધ્યાને લઇ તેઓને હોસ્પિટલમાં દાખલ થવા માટે દિવસ – 02 ની મુદત આપવામાં આવતી હતી જે મુદતમાં વધારો કરી દિવસ – 15 (પંદર) ની કરવા સમિતિમાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

<u>મુદ્દા-નં (7)</u> આરોગ્ય વિષય કાર્યક્રમો ની સમીક્ષા અને ચર્ચા બાબતે ડૉ.એન.એમ.રાઠોડ એપેડેમીક મેડીકલ ઓફિસરશ્રી એ એપેડેમીક અંગે ચર્ચાઓ કરેલ વધુમાં જણાવેલ કે જિલ્લામાં હાલમાં કોઇ રોગચાળો જોવા મળેલ નથી તેમજ સ્વાઇન ફ્લુનાં કોઇ કેસ હાલમાં નથી આગામી 23 ફેબ્રુઆરીનાં રોજ પોલીયો કાર્યક્રમ હોય તેની ચર્ચા કરી તે અંગેની તૈયારી હાલમાં ચાલુ હોવાનું જણાવેલ. શ્રીમતી એમ.બી.જોષી દ્વારા મેલેરીયા નાં કેસની ચર્ચા કરવામાં આવેલ અને વધુમાં ગયા વર્ષે ડેન્ગ્યુનાં 3 કેસ તેમજ ચીકનગુનીયાનાં 2 કેસ જોવા મળેલ તેની સામે આ વર્ષે હાલમાં આવા કોઇ કેસ નોંધાયેલ નથી તેમ જણાવેલ.
ડૉ.એમ.એન.ભંડેરી કયુ.એ.એમ.ઓશ્રી દ્વારા ચર્ચા કરી જણાવેલ કે હાલમાં વિકલાંગ લોકો માટે પ્રમાણપત્રો આપવા માટેનો તાલુકા વાઇઝ કેમ્પનો પ્રોજેકટ ચાલુ છે. જેમાં હાલમાં ગોંડલમાં આ પ્રોજેકટની કામગીરી ચાલુ છે. જેમાં સિવિલ હોસ્પિટલ દ્વારા વિકલાંગ લોકોને સર્ટિફિકેટ આપવામાં આવે છે તેમ જણાવી વિસતૃત ચર્ચા કરેલ અને વધુમાં મા અમૃતમ યોજનાં અને આર.એસ.બી.વાય યોજનાની પણ ચર્ચા કરવામાં આવેલ. શ્રી એમ.એમ.ઝાલા જિલ્લા આઇ.ઇ.સી અધિકારી દ્વારા હાલમાં આઇ.ઇ.સીની રૂટીન કામગીરી ચાલુમાં છે તેમ જણાવવામાં આવેલ. ડૉ.જે.કે.ગનેરીવાલ અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી દ્વારા કુટુંબ કલ્યાણ કાર્યક્રમની ચર્ચાઓ કરવામાં આવેલ.

- પી.આઇ.યુનાં એંજીન્યરશ્રી એસ.જી.દાવડા એ દવાખાનાનાં બાંધકામનાં કામો અંગેની ચર્ચાઓ કરેલ.

- સરકારશ્રી દ્વારા જસદણ તાલુકાનાં કનેસરા ગામે નવું પ્રા.આ.કેન્દ્ર મંજુર કરવામાં આવેલ છે તેને જાણ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી દ્વારા સમિતિને કરવામાં આવેલ.

- મિટીંગમાં તાલુકા હેલ્થ ઓફિસરશ્રીઓ પણ હાજર રહેલ હતા ચેરમેનશ્રી એ તાલુકા હેલ્થ કચેરી ખાતેથી કરવામાં આવતી કામગીરી અંગેની વિગતોની જાણકારી મેળવેલ તથા દર્દીઓને વધુ બહેતર આરોગ્ય સુખાકારી આપી શકાય તે માટે તેઓ સાથે ચર્ચાઓ કરી સુચનો માંગેલ હતા જે અન્વયે પ્રા.આ.કેન્દો ખાતે તાત્કાલીક વાહનો ઉપલબ્ધ થાય તે માટે ચેરમેનશ્રીએ સરકારશ્રીમાં વાહન માટે દરખાસ્ત કરવા જણાવેલ ઇ.ચા તાલુકા હેલ્થ ઓફિસરશ્રી વાંકાનેર એ રજુઆત કરેલ કે કુટુંબ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત ઓપરેશન કરાવનાર લાભાર્થીઓને રાજકોટ હોસ્પિટલ ખાતેથી ઘરે જવા માટે વાહનની સગવડતા ન હોય તે માટે વાહનની સગવડ ઉપલબ્ધ થાય તે માટે સુચન કરેલ તેમજ તેઓ દ્વારા વાંકાનેર તાલુકા હેલ્થ કચેરી ખાતે સીનીયર સીટીઝનો ને આજીવન પેન્શન માટે ઉંમરનાં દાખલાઓ આપવામાં આવે છે તેનાં કારણે જરૂરીયાત મંદ સીનીયર સીટીઝનોને આર્થીક સહાય મળે છે ચેરમેન અને સમિતિ દ્વારા આ કામગીરીને બિરદાવી અન્ય તમામ તાલુકા હેલ્થ ઓફિસરશ્રીઓને આવી કામગીરી કરવા જણાવેલ.

**DISTRICT PANCHAYAT**
**HEALTH BRANCH**
**RACE COURSE , RAJKOT**
Phone no : 0281 2443235

જિલ્લા પંચાયત કચેરી
આરોગ્ય શાખા
રેષકોર્ષ, રાજકોટ
ફોન નં :૦૨૮૧-૨૪૪૩૨૩૫

નં. આરોગ્ય/મહે-4/વશી/ તા. / /2014

- આરોગ્ય શાખાનાં બિલ્ડીંગનાં રીનોવેશન તથા શાખાનાં મુખ્ય દરવાજો બદલવા માટે ચેરમેનશ્રીએ કાર્યપાલકઇજનેરશ્રી મા*મ વિભાગ જિ.પં.રાજકોટને જાણ કરવા જણાવેલ. આરોગ્ય શાખાની વિવિધ કેડરની ખાલી રહેલ જગ્યાઓ બાબતે ચર્ચા થતાં આ ખાલી જગ્યાઓ ભરવા માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીને દરખાસ્ત કરવાનું જણાવવામાં આવેલ.

- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકરીશ્રી દ્રારા વાહન કંડમ કરવામાં આવેલ વાહનો નો આખરી નિકાલ કરવાની કાર્યવાહી એક માસમાં પૂર્ણ કરવા તમામ તાલુકા હેલ્થ ઓફિસશ્રીને સુચના આપવામાં આવેલ.

અંતમાં અન્ય કોઇ મુદ્દા ન હોય અધ્યક્ષ તરફથી હાજર રહેલ તમામ પદાધિકારીશ્રી / સદસ્યશ્રીઓનો આભાર માની બેઠકની કાર્યવાહી પૂર્ણ થયાનું જાહેરકરવામાં આવ્યું.

સચિવશ્રી
જાહેર આરોગ્ય સમિતિ અને
મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી
જિલ્લા પંચાયત રાજકોટ

અધ્યક્ષશ્રી
જાહેર આરોગ્ય સમિતિ
જિલ્લા પંચાયત રાજકોટ

નં.આરોગ્ય/આરોસી/વશી/

જિલ્લા પંચાયત કચેરી
આરોગ્ય શાખા
તા. / / 2014

<u>નકલ રવાના :-</u>

(1) માન.અધ્યક્ષશ્રી જાહેર આરોગ્ય સમિતિ જિલ્લા પંચાયત રાજકોટ
(2) માન.પ્રમુખશ્રી / જિલ્લા વિકાસ અધિકારીશ્રી જિલ્લા પંચાયત રાજકોટ
(3) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (પંચાયત) જિલ્લા પંચાયત રાજકોટ
(4) માન.સદસ્યશ્રી .......................................................................... જાહેર આરોગ્ય સમિતિ જિ.પં.રાજકોટ
(5) માન.સદસ્યશ્રી .......................................................................... જિ.પં.રાજકોટ

<u>નકલ સાદર રવાના:-</u>

1) વિકાસ કમિશ્નરશ્રી ગુજરાત રાજય ગાંધીનગર.
2) અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી જિ.પં.રાજકોટ
3) જિલ્લા આર.સી.એચ અધિકારીશ્રી જિ.પં.રાજકોટ
4) જિલ્લા આર્યુવેદ અધિકારીશ્રી જિ.પં.રાજકોટ
5) પ્રોગામ ઓફિસરશ્રી આઇ.સી.ડી.એસ જિ.પં.રાજકોટ

**DISTRICT PANCHAYAT**
**HEALTH BRANCH**
**RACE COURSE , RAJKOT**
Phone no : 0281 2443235

જિલ્લા પંચાયત કચેરી
આરોગ્ય શાખા
રેષકોર્ષ, રાજકોટ
ફોન નં :૦૨૮૧-૨૪૪૩૨૩૫

નં. આરોગ્ય/મહે-4/વશી/ તા. / /2014